


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૭૮ | ૭ સપ્ટેમ્બર, ૨૦૧૮, શુક્રવાર; શ્રાવણ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## સમલૈંગિકતા હવે ગુનો નહીં ગણાય : સુપ્રીમ

**સંમતિની સાથે સજાતિય સંબંધો અપરાધ નથી : અંતે સુપ્રીમ કોર્ટે દુરગામી અને ઐતિહાસિક ચુકાદો આપ્યો : સજાતિય સંબંધોને અપરાધ તરીકે ગણનાર કલમ ૩૭૭ની જોગવાઇને ખતમ કરવાનો સુપ્રીમ કોર્ટનો સ્પષ્ટ આદેશ**



નવીદિલ્હી, તા. ૬

દેશમાં બે પુખ્તવયના લોકો વચ્ચે સજાતિય સંબંધ હવે અપરાધ નથી. ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડિયાના નેતૃત્વમાં સુપ્રીમ કોર્ટની બંધારણીય બેંચ દ્વારા આજે આ ઐતિહાસિક અને દુરગામી ચુકાદો આપવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટના ચુકાદાથી દેશભરમાં એક નવી ચર્ચા છેડાઈ ગઈ હતી. કેટલાક નિષ્ણાતોએ આને ઉદાર નિર્ણય ગણાવ્યો હતો અને કહ્યું હતું કે, સમયની સાથે સુપ્રીમ કોર્ટે આ યોગ્ય ચુકાદો આપ્યો છે. બીજી બાજુ રૂઢિવાદી લોકોએ આ નિર્ણય સામે વાંધો ઉઠાવ્યો હતો. સુપ્રીમ કોર્ટની બેંચે અકમતથી આ ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે ચુકાદો આપતા કહ્યુ છે કે બે પુખ્તવયના લોકો વચ્ચે સહમતિ સાથે બનાવવામાં આવેલા સજાતિય સંબંધને અપરાધ તરીકે ગણતી કલમ ૩૭૭ની જોગવાઈઓને ખતમ કરવામાં આવી રહી છે. સુપ્રીમ કોર્ટે કલમ ૩૭૭ને મનમાની કલમ તરીકે ગણાવીને વ્યકિતગત પસંદગીને સન્માન આપવાની વાત કરી છે. સીજેઆઈ દિપક મિશ્રાની સાથે જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રા, જસ્ટિસ આરએફ નરિમન, જસ્ટિસ એએમ ખાનવીલકર, જસ્ટિસ બીવાય ચંદ્રચુડની બંધારણીય બેંચે આ ચુકાદો આપ્યો હતો. જજોએ કહ્યું છે કે, બંધારણીય લોકશાહી વ્યવસ્થામાં હવે વધુ ધ્યાન આપવાની જરૂર દેખાઈ રહી છે. જીવનના અધિકાર માનવીય અધિકારો છે. આ અધિકાર વગર બાકીના અધિકાર કોઈ મહત્વ રાખતા નથી. કોર્ટે પોતાના ચુકાદામાં સેકસયુઅલ ઓરિયેન્ટેશન બાયોલોજીકલ ગણાવીને સ્પષ્ટતા કરી હતી. તેના ઉપર કોઈપણ પ્રકારના પ્રતિબંધ બંધારણીય અધિકારોના ભંગ સમાન છે. કોઈપણ સામાન્ય વ્યક્તિની જેમ સજાતિય સમુદાયના લોકોને પણ એટલા જ અધિકારો મળેલા છે. એકબીજાના અધિકારોનું સન્માન થવું જોઈએ. કોર્ટે પોતાના ચુકાદામાં સાફ શબ્દોમાં કહ્યું હતું કે, કલમ ૩૭૭ હેઠળ સહમતિ વગર સજાતિય સંબંધ અપરાધ તરીકે રહેશે પરંતુ સહમતિ સાથે સજાતિય સંબંધ કોઈ ગુનો રહેશે નહીં. ૧૦મી જુલાઈના દિવસે મામલાની

● અનુસંધાન પાન-૭ પર

## તેલંગાણામાં વિધાનસભા ભંગ : ચૂંટણી માર્ગ મોકળો

**મુખ્યમંત્રી ચંદ્રશેખર રાવે આપ્યું રાજીનામુ : રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં નિર્ણય : નિર્ધારીત સમય કરતા પહેલા વિધાનસભા ચૂંટણી યોજાશે**



હૈદરાબાદ,તા. ૬

તેલંગાણા સરકારના વિધાનસભા ભંગ કરવાના પ્રસ્તાવને રાજ્યપાલ નરસિંહને આખરે લીલીઝંડી આપી દીધી છે એટલે કે હવે રાજ્યમાં સમય કરતા પહેલા વિધાનસભાની ચૂંટણી યોજાશે તે અંગેનો રસ્તો સાફ થઈ ગયો છે. હજુ સુધી લોકસભાની ચૂંટણીની સાથે જ ચૂંટણી યોજાનાર હતી. હાલમાં જ ચૂંટણી સુધી ચંદ્રશેખર રાવ કાર્યકારી મુખ્યમંત્રી તરીકે જારી રહેશે. ટીઆરએસની આ મિટીંગ માટે બુધવારના દિવસે જ અટકળો લગાવવામાં આવી રહી હતી. આ બેઠક માટે તમામ મંત્રીઓને હૈદરાબાદ બોલાવવામાં આવ્યા હતા. હકીકતમાં તેલંગણા સરકારને રાજ્યમાં વિધાનસભા ચૂંટણી પહેલા કરાવવાના ત્રણ કારણો મુખ્ય રીતે ગણવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

## ડોલરની સામે રૂપિયો ૭૧.૯૯ની સપાટીએ

મુંબઈ, તા. ૬

ડોલર સામે રૂપિયામાં ઉથલ પાથલનો દોર જારી રહ્યો છે. એકંદરે ઉતાર ચઢાવની સ્થિતિ રહી હતી. ભારતીય રૂપિયો આજે અમેરિકી ડોલર સામે ૭૧.૯૯ની સપાટીએ રહ્યો હતો. રૂપિયામાં કારોબારના છેલ્લા કલાકોમાં રિકવરી જોવા મળી હતી. ઈન્ટ્રા ડે દરમિયાન રૂપિયામાં વધારે નુકસાનની સ્થિતિ રહી હતી.

## જેટ એરવેઝ પર રોકડ કટોકટીના વાદળો

**પગાર નહીં મળવાથી પાયલોટ નારાજ : જેટ એરવેઝના પાયલોટો અને એન્જિનિયરોને છેલ્લા બે મહિનાથી પગારમાં વિલંબ થઈ રહ્યો છે : સ્થિતિ વણસશે**

મુંબઈ, તા. ૬

નાણાકીય સમસ્યાઓનો સામનો કરી રહેલી જેટ એરવેઝ કંપનીને હવે વધુને વધુ મુશ્કેલી પડી રહી છે. પગાર ન મળવાના કારણે પાયલોટે નારાજગી વ્યક્ત કરી છે અને સહકાર ન આપવાની ચેતવણી આપી છે. જેટ એરવેઝના પાયલોટો અને એન્જિનિયરોના પગારમાં વિલંબની સ્થિતિ જોવા મળી રહી છે. સતત બીજા મહિને વિલંબ રહેતા પાયલોટોએ ચૂકવણીમાં વિલંબને લઈને મેનેજમેન્ટની સામે અસહકારની ચેતવણી આપી દીધી છે. નરેશ ગોયલની ખાનગી એરલાઈન્સ જેટ એરવેઝ પર રોકડ સંકટ તોળાઈ રહ્યું છે. કંપનીને સતત બે ત્રિમાસિક ગાળામાં નુકસાન થઈ રહ્યું છે. કંપનીમાં સંયુક્ત અરબ અમિરાતની રાષ્ટ્રીય વિમાન કંપની એતીહાદને પણ નુકસાન થઈ રહ્યું છે. આ કંપનીમાં તેની ૨૪ ટકા હિસ્સેદારી રહેલી છે. જેટ એરવેઝને વર્તમાન નાણાકીય વર્ષના માર્ચ ત્રિમાસિક ગાળામાં ૧૦૩૬ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે જે જૂન ત્રિમાસિક ગાળામાં વધીને ૧૩૦૦ કરોડ રૂપિયા પહોંચી ગયું છે. જેટ એરવેઝના પાયલોટોએ આ સપ્તાહની શરૂઆતમાં મેનેજમેન્ટને લખવામાં

● અનુસંધાન પાન-૭ પર

## પેટ્રોલ-ડીઝલના ભાવ ફરી વધ્યા

ન્યુ દિલ્હી,તા.૬

દેશમાં પેટ્રોલ-ડિઝલના ભાવમાં સતત વૃદ્ધી થઈ રહી છે. ૬ સપ્ટેમ્બર ગુરૂવારે સતત સાતમાં દિવસે પેટ્રોલ-ડિઝલના ભાવમાં વધારો થયો છે. રાજધાની દિલ્હીમાં પેટ્રોલના ભાવમાં ૩૬ પૈસાનો વધારો પ્રતિ લિટર અને ડિઝલમાં ૪૦ પૈસાનો વધારો પ્રતિ લિટરે થયો છે. આ વધારા સાથે રાજધાની દિલ્હીમાં પેટ્રોલનો ભાવ ૭૯.૫૧ થયો છે. તો ડિઝલના ભાવ ૭૧.૫૫ પ્રતિ લિટર પહોંચ્યો છે.

## ન્યુઝ ટ્રેક

### જાપાનમાં ૬.૭ની તીવ્રતાનો ભૂકંપ

જાપાનના ઉત્તરીય દ્વીપ હોક્કાઈડોમાં આજે સવારે ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા. રિકટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૬.૭ માપવામાં આવી હતી. આ ભૂકંપના કારણે એકનું મોત થયું છે અને ૨૦થી વધુ લોકો ઘાયલ થયા છે.

### ગોવામાં પારિકર સરકાર મુશ્કેલીમાં

ગોવામાં નાદુરસ્ત તબિયતના કારણે મુખ્યપ્રધાન પારિકરની ઘટતી જતી સક્રિયતા વચ્ચે કોંગ્રેસે એવો દાવો કર્યો છે કે શાસક ભાજપના ત્રણ ધારાસભ્ય તેમના સંપર્કમાં છે અને આ ત્રણ ધારાસભ્યોનાં સમર્થન સાથે કોંગ્રેસ ગોવામાં મનોહર પારિકરના નેતૃત્વની ગઠબંધન સરકારને ઊથલાવી શકે છે.

## બિહાર-એમપીમાં બંધ હિંસક બન્યું

**સવર્ણોના ભારત બંધ દરમિયાન અનેક ભાગોમાં હિંસાના બનાવ : બિહારમાં ટ્રેનોને રોકવામાં આવી, મધ્યપ્રદેશમાં પેટ્રોલ પંપ બંધ : એસસી અને એસટી એક્ટમાં કરવામાં આવેલા સુધારા બાદ સવર્ણ સંગઠનો તરફથી ભારત બંધને મિશ્ર પ્રતિસાદ સાંપડ્યો**



નવી દિલ્હી, તા. ૬

કેન્દ્ર સરકાર દ્વારા એસસી-એસટી એક્ટમાં કરવામાં આવેલા સુધારાની સામે સવર્ણો દ્વારા આજે ભારત બંધનુ એલાન કરવામાં આવ્યા બાદ કેટલાક ભાગોમાં હિંસક દેખાવ કરવામાં આવ્યા હતા. બિહારમાં ટ્રેનો રોકવામાં આવી હતી. ભારત બંધની સૌથી વધારે અસર બિહારમાં જોવા મળી હતી. મધ્યપ્રદેશમાં પણ પેટ્રોલ પંપો બંધ રહ્યા હતા. મજબૂત સુરક્ષા અને એલર્ટ વચ્ચે ભારત બંધ દરમિયાન અપેક્ષા મુજબ સ્થિતિ વધારે વણસી ન હતી. બિહારના અલગ અલગ જિલ્લામાં હિંસક દેખાવો કરવામાં આવ્યા હતા. ટ્રેનોની સાથે માર્ગો ઉપર પણ ચક્કાજામની સ્થિતિ કરવામાં આવી હતી. મધ્યપ્રદેશમાં ડ્રોન મારફતે નજર રાખવામાં આવી હતી. લોકોએ કાળા વસ્ત્રો પહેરીને દેખાવો કર્યા હતા. બિહારના આરા જિલ્લામાં રેલવે સ્ટેશનમાં સવર્ણોએ ટ્રેન રોકીને દેખાવો કર્યા હતા. મધુબાનીમાં નેશનલ હાઈવે નં.૧૦૫ ઉપર ચક્કાજામની સ્થિતિ સર્જવામાં આવી હતી. લાંબા જામના લીધે મોટી સંખ્યામાં લોકો અટવાયા હતા. નેશનલ હાઈવે ૩૧ ઉપર પણ કેન્દ્ર સરકારની યોજના સામે દેખાવો કરવામાં આવ્યા હતા. સીતામઢીમાં દરભંગા-રકસોલમાં ટ્રેનો રોકવામાં આવી હતી. સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસને બિહારમાં રોકવામાં આવી હતી.

## રૂપિયાના ધોવાણ માટે વૈશ્વિક કારણો જવાબદાર : જેટલી

ન્યુ દિલ્હી,તા.૬

નાણાપ્રધાન અરુણ જેટલીએ ડોલરની સામે રુપિયો નબળો પડી રહ્યો છે તે મામલે નીવેદન આપ્યું છે. જેટલીએ જણાવ્યું કે ભારત જેવી અર્થવ્યવસ્થાને આટલું જલ્દી ગભરાવાની જરુર નથી. કેબિનેટ મીટિંગ બાદ મીડિયાને સંબોધન કરતા જેટલીએ જણાવ્યું કે તેલની કીંમત, રાફેલ ડીલ, જનધન ખાતા સહિત અનેક મુદાઓ પર ચર્ચા થઈ. જેટલીએ જણાવ્યું કે ગગડી રહેલા રુપિયા પાછળ કોઈ સ્થાનિક નહી પરંતુ આંતરરાષ્ટ્રીય કારણ જવાબદાર છે.

જેટલીએ જણાવ્યું કે રુપિયાના મુલ્યમાં ઘટાડો થવા પાછળ કોઈ સ્થાનિક કારણ જવાબદાર નથી પરંતુ આંતરરાષ્ટ્રીય કારણ જવાબદાર છે. જેટલીએ જણાવ્યું કે આપણે એ વાતનું પણ ધ્યાન રાખવું જોઈએ કે ડોલરના મુકાબલે ઘણા દેશોની કરન્સીમાં ઘટાડો છયો છે. જો કે આવા સમયે પણ રુપિયો તો ઓછો ગગડ્યો અથવા સ્થિર બની રહ્યો. જેટલીએ જણાવ્યું કે ભારત જેવી સૌથી તેજ ગતીથી આગળ વધી રહેલી અર્થવ્યવસ્થાને આટલુ જલ્દી ગભરાવાની જરુર નથી. રાફેલ ડીલ મામલે કોંગ્રેસ પર પ્રહારો કરતા જેટલીએ જણાવ્યું કે કોંગ્રેસ અને તેના અધ્યક્ષ રાહુલ ગાંધી પાસે જાણકારીનો અભાવ છે.

## ભારત અમેરિકાના આધુનિક હથિયારોનો ઉપયોગ કરી શકશે : સૈન્ય સંચાર પર સમજૂતી

**દિલ્હીમાં ભારત-અમેરિકા વચ્ચે ૨+૨ મંત્રણા : સરહદપાર આતંકવાદને સમર્થન આપવાની પાકિસ્તાનની રણનીતિ વિરૂદ્ધ અમેરિકાનું વલણ સ્વાગત યોગ્ય : સુષ્મા સ્વરાજ, ભારતને એનએસજી સભ્યપદને લઈને પ્રયાસ કરશે અમેરિકા**

ન્યુ દિલ્હી,તા.૬

આજે ભારત અને અમેરિકા વચ્ચે થયેલી ઐતિહાસિક ૨+૨ બેઠક યોજાઈ હતી. બંને દેશો વચ્ચે મહત્વપૂર્ણ સુરક્ષા સમજુતિઓ થઈ હતી. ભારતના વિદેશમંત્રીએ અમેરિકાના વિદેશમંત્રી અને સંરક્ષણ મંત્રીની હાજરીમાં જ પાકિસ્તાનને પણ ઉધડો લીધો હતો અને સરહદપાર આતંકવાદને લઈને ઝાટકણી કાઢી હતી. ભારત-અમેરિકાની આ બેઠકમાં એનએસજી, ૨૬/૧૧ના ગુનેગારોને સજા અને વ્યાપાર સંબંધીત મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી.

બંને દેશો વચ્ચે COMCASA પર દસ્તાવેજ થયા. આ સમજુતિ બાદ અમેરિકા સંબેદનશીલ સુરક્ષા ટેક્નિક ભારતને પણ વેચી શકશે. આમ ભારતને આ સંધીથી સંરક્ષણ ક્ષેત્રે



ભારે ફાયદો થશે. મહત્વપૂર્ણ વાત એ છે કે, ભારત એકમાત્ર એવો બિન-નાટો દેશ હશે, જેને અમેરિકા આ પ્રકારની સુવિધા આપવા જઈ રહ્યું છે. તે ઉપરાંત આતંકવાદ વિરોધી આંતરીક સહયોગ વધારવા પર પણ ભાર મુકવામાં આવ્યો છે.

અમેરિકાના વિદેશમંત્રી માઈક પોમ્પિયોએ COMCASA સમજુતિને ખુબ જ મહત્વપૂર્ણ ગણાવી. વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે ૨+૨ વાતચીતના મહત્વને ધ્યાનમાં રાખતા કહ્યું હતું કે, બંને દેશો વચ્ચે સુરક્ષા, આંતરીક વ્યાપાર સહિતના તમામ મુદ્દાઓ પર વાતચીત થઈ. અમેરિકી વિદેશ મંત્રી અને સંરક્ષણમંત્રીની આ પહેલી સંયુક્ત યાત્રા છે. સ્વરાજે વધુમાં જણાવ્યું હતું કે, જૂન ૨૦૧૭માં વોશિંગ્ટનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ ટ્રમ્પ વચ્ચે ૨+૨ વાતચીતનો નિર્ણય લેવામાં આવ્યો. આ વાતચીતમાં અનેક સંયુક્ત મહત્વપૂર્ણ બાબતો પર ચર્ચા થઈ.

વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે કહ્યું હતું કે, એનએસજીમાં ભારતની કાયમીસભ્ય પદને લઈને સહમતિ બની છે. અમેરિકા તે દિશામાં સહયોગ કરશે. બંને દેશો વચ્ચે રણનૈતિક ભાગીદારી આગળ વધી રહી છે. બંને દેશોમાં ઝડપથી વિકાસ પામી રહેલી અર્થવ્યવસ્થાથી બંને દેશોને જ લાભ થઈ રહ્યો છે.







